ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૪૧.૫ ડીગ્રી
લઘુતમ : ૨૬.૦ ડીગ્રી
ભેજ
સવારે ૫૭ ટકા ● સાંજે ૨૦ ટકા

# શહેરમાં 'પટાખા' ફોડી આતંક મચાવતા બુલેટ ચાલકો

## વારંવાર માર્ગ પર બુલેટમાં 'પટાખા' ફોડતા બુલેટ ચાલકથી વાહનચાલકો અને રાહદારીઓમાં ભયનો માહોલ

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર શહેરમાં રોયલ એનફીલ્ડ બુલેટના ચાલકો બુલેટમાં 'પટાખા' ફોડી ભારે આતંક મચાવી રહ્યા છે. આ બુલેટ ચાલકો પોતાની મોજમસ્તીમાં મદહોશ બની શહેરની માર્ગ સલામતી જોખમમાં મુકી રહ્યા છે. મોડી રાત સુધી સંખ્યાબંધ બુલેટ ચાલકો નગરના જાહેરમાર્ગોને બાનમાં લઈ ધડાધડ બુલેટમાં 'પટાખા' ફોડી ભયનો માહોલ પેદા કરી રહ્યા છે. ચાલુ બુલેટમાંથી અચાનક જ ધડાકાને ભડાકા સાથે ફુટતા 'પટાખા' એ અન્ય વાહનચાલકો અને રાહદારીઓ ગભરાય જાય છે. જેથી માર્ગમાં અકસ્માત સર્જાય છે ત્યારે આવા 'પટાખા' ફોડતા બુલેટ ચાલકો સામે પોલીસ પણ લાચાર બની ગઈ છે. જાહેરમાં માર્ગ સલામતીને જોખમમાં મુકતા આવા બુલેટ ચાલકો સામે કયારે કાર્યવાહી થશે તેવું નગરજનો ઈચ્છી રહ્યા છે.

**રોયલ એનફિલ્ડ બુલેટના શોખીન સપાટા મારવા માટે બુલેટમાં ઈન્દોરી અને લુધિયાણી સાયલન્સર લગાવે છે. આ સાયલન્સર રૂ. ૩૫૦૦થી શરુ થઈ રૂ. ૬૦૦૦ સુધીના બજારમાં મળે છે. ઉપરાંત ખતરનાક ઘોંઘાટ કરતા હોર્ન લગાવી આ બુટેલ ચાલકો ભારે ઘોંઘાટ પેદા કરે છે.**

ગાંધીનગર શહેર સહિત આસપાસના વિસ્તારોમાં ધીમે ધીમે રોયલ એનફીલ્ડ બુલેટની સંખ્યામાં ખતરનાક ઉછાળો આવ્યો છે. દ્વિચક્રી વાહનના શોખીન યુવાનો અન્ય દ્વિચક્રી વાહન કરતા જુના જમાનામાં આર્મી અને પોલીસમાં વપરાતા બુલેટ લેવાનું હાલ પસંદ કરી રહ્યા છે. ખાસ કરીને કોલેજના યુવાનોમાં બુલેટનો ક્રેઝ વધ્યો છે. જાત જાતના રંગ અને એસેસરીઝથી સજ્જ બુલેટ માર્ગો પર પુરપાટ ઝડપે દોડતા નજરે પડે છે.

આ હેવી બુલેટ પર હાલ નગરના માર્ગો પર યુવાનો ભારે સીન સપાટા કરતા દેખાય છે. યુવાનો આ ભોરીભરખ બુલેટમાં વધુ અવાજ ફેંકતા હોર્ન સાથે ભયાનક અવાજ કરતા સાયલેન્સર લગાવી માર્ગ પર ભય પેદા કરી રહ્યા છે. જયારે કેટલાક બુલેટ ચાલકો 'પટાખા' ફોડતા ઈન્દોરી અને લુધીયાણી સાયલેન્સર લગાવી ભારે તડાકાને ભડાકા કરી વાંરવાર 'પટાખા' ફોડી માર્ગની સલામતીમાં જોખમ પેદા કરી રહ્યા છે. આ 'પટાખા' ફોડતા બુલેટ ચાલકો મોડી રાત સુધી માર્ગોને બાનમાં લઈ છેલ્લા ઘણા સમયથી રીતસરનો આતંક મચાવી રહ્યા છે. રાત ઢળતા એક સાથે પંદર-વીસ બુલેટના ચાલકો ટોળકી બનાવી ખુલ્લે આમ માર્ગો પર સીન સપટ્ટા મારતા નજરે પડે છે. અને પુરપાટ ઝડપે બુલેટ દોડાવી અન્ય વાહનચાલકોને મુશ્કેલીમાં મુકી રહ્યા છે. વારંવાર

**શહેરના ઘ-૦ સર્કલ નજીક પોસ્ટ ઓફીસ સામે ગત રોજ પુરપાટ ઝડપે દોડતા બુલેટના ચાલકે ચાલુ બુલેટે 'પટાખા' ફોડતા આજ માર્ગ પર પાસેથી પસાર થતા અન્ય વાહન પાછળ બેઠેલી મહિલા અવાજથી ગભરાઈ જતા માર્ગ પર પટકાઈ ગઈ હતી અને માર્ગ પર જ બે ત્રણ ગુલાંટ ખાઈ જતા શરીરે ગંભીર ઈજાઓ થવા પામી હતી.**

'પટાખા' ફોડી આ બુલેટ ગેંગે વાહનચાલકો સહિત રાહદારીઓમાં ભય પેદા કરી દીધો છે. તેમ છતાં પણ આવા બુલેટ ચાલકો સામે કોઈ કાર્યવાહી થતી નથી. મોંઘાદાટ અને ઘોંઘાટ કરતા બુલેટના ચાલકોને પકડવા પોલીસ પણ જાણે બેબસ અને લાચાર બની ગઈ હોય તેવું લાગી રહ્યું છે.

પોલીસ પોતાની આળસ ખંખેરી માર્ગમાં દરરોજ જોખમ ઉભા કરી ભય ફેલાવતા બુલેટ ચાલકો સામે કડક કાર્યવાહી કરે તે સમય બરોબર પાકી ગયો છે. પોલીસ આવા બુલેટ ચાલકો સામે વિશેષ ઝુંબેશ ચલાવી 'પટાખા' ફોડતા બુલેટમાંથી સાયલેન્સર દૂર કરાવી આવા બુલેટ ચાલકોને સબક શીખવાડે તેવી જરૂરીયાત ઉભી થવા પામી છે.

## @ગાંધીનગર

- ગુજરાત સેનવા રાવત વિકાસ સંઘ આયોજીત સત્તરમો સમુહ લગ્નોત્સવ સવારે ૮ થી ૪ કલાક દરમિયાન પથિકાશ્રમની સામે, પેટ્રોલ પંપની બાજુમાં સેકટર-૬ ખાતે યોજાશે.
- સત્યાર્થી ફાઉન્ડેશન સંચાલિત ગાંધી યુથ કલબ દ્વારા જરૂરિયાતમંદોને ભોજન સહાયનું આયોજન સાંજે ૬.૩૦ થી ૭.૩૦ કલાક દરમિયાન સે-૭ના શાક માર્કેટ ખાતે કરવામાં આવશે.
- શહેર જાગૃત નાગરિક પરીષદની બેઠક નમન એપાર્ટમેન્ટ સે-૨૧ ખાતે સાંજે ૫.૦૦ કલાકે મળશે.

# નિસર્ગ ખાતે 'હેમ રેડિયો નિદર્શન કાર્યક્રમ' અને 'રોબોટિકસ વર્કશોપ' યોજાયો





ગાંધીનગર, તા.૬

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી અને નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા વેકેશનમાં પણ વિદ્યાર્થીઓ તેમની રજાઓનો સદઉપયોગ કરે તે હેતુથી 'વેકેશન વિજ્ઞાન સંગ કાર્યક્રમ'નું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત તા. ૧-૫-૨૦૧૮ થી તા. ૧૭-૫-૨૦૧૮ સુધી વિવિધ સાયન્સ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૬-૫-૨૦૧૮ના રોજ 'હેમ રેડિયો નિદર્શન કાર્યક્રમ' અને 'રોબોટિકસ વર્કશોપ'નું આયોજન કરવામાં આવ્યું હતું.

વિદ્યાર્થીઓ કોમ્યુનીકેશનના વિવિધ સાધનોને ઓળખે અને કુદરતી આપત્તી સમયે તેનું મહત્વ સમજે તે હેતુથી હેમ રેડિયો નિદર્શન કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં સાલ એન્જીનીયરીંગ કોલેજ અમદાવાદના પ્રોફેસર કૌશલ જાની દ્વારા વિદ્યાર્થીઓને હેમ રેડિયો વિશે સમજ આપવામાં આવી હતી.

ડૉ. અનિલભાઈએ વિદ્યાર્થીઓને હેમ ઓપરેટર બનવા માટે આપવી પડતી પરીક્ષાની માહિતી આપી હતી. વિદ્યાર્થીઓના વિવિધ ગ્રુપો બનાવી રેડિયો સેટ દ્વારા તેમની વચ્ચે ચર્ચા કરાવી તેમનું પ્રાયોગિક નિદર્શન પણ કરાવ્યું હતું.

વિદ્યાર્થીઓ માટે રોબોટીકસ વર્કશોપનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. કૌશલ જાનીએ વિદ્યાર્થીઓને વિવિધ પ્રકારના રોબોટ વિશે માહિતી આપી હતી. રોબોટીકસ કાર્યક્રમમાં 'આઈ સ્પર્શ' સંસ્થામાંથી નિરવભાઈ ગોસ્વામી અને નિરવભાઈ પંડયા ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં રૂચિત પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે પોતે બનાવેલ રોબોટનું નિદર્શન પણ કર્યું હતું અને વિદ્યાર્થીઓને રોબોટ બનાવવા માટે પ્રોત્સાહિત કર્યા હતા.

આ કાર્યક્રમને સફળ બનાવવામાં નિસર્ગ સાયન્સ સેન્ટરના કોઓર્ડીનેટર હાર્દિક મકવાણા, શિવાંગ પટેલ, મીત પટેલ અને વિવેક મકવાણાએ ભારે જહેમત ઉઠાવી હતી.

# રસ્તો પુછવાના બહાને મોબાઈલ બઠ્ઠાવી જનાર શખ્સ ઝડપાયો

## એલસીબીની ટીમે સે-૨૮ના બગીચા પાસેથી આરોપીને પકડી લીધો : સાગરીત ફરાર

ગાંધીનગર, તા.૬

બે મહિના પહેલા કલોલ તાલુકાના સઈજ ફેકટરી પાસે રસ્તો પુછવાના બહાને એક યુવાન પાસે જઈ તેનો મોબાઈલ બઠ્ઠાવી લઈ બાઈક પર આવેલા બે શખ્સો ફરાર થઈ ગયા હતા. ગાંધીનગર એલસીબીની ટીમે આ મોબાઈલ ચોરીને ફરાર થઈ જનાર શખ્સોપકી એકને સે-૨૮ના બગીચા પાસેથી દબોચી લીધો છે. ચોરીના મોબાઈલ સાથે કલોલના શખ્સની ધરપકડ કરી તેના ફરાર સાગરીતને શોધી કાઢવા તજવીજ શરુ કરી છે.




ગાંધીનગર એસ.પી. વિરેન્દ્રસિંહ યાદવની સુચનાથી એલસીબી પી.આઈ. જે.ડી. પુરોહીત અને તરલ ભટ્ટની ટીમો ચોરો પકડવા સક્રીય છે ત્યારે ગઈ કાલે પીએસઆઈ યુ.આર. નલવાયાની ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે સે-૨૮ના બગીચા નજીકથી એક શકમંદને પકડી પાડયો હતો. કલોલના ગુજરાત હાઉસીંગ બોર્ડમાં રહેતા મિલાપ નરેન્દ્ર આનંદને પકડી એલસીબીની ટીમે તેની પાસેથી મળેલા મોબાઈલ અંગે સઘન પુછતાછ કરતા તે ભાંગી પડયો હતો. બે મહીના પહેલા તેણે તેના મિત્ર સાથે મળીને સઈજ ફેકટરી પાસે રસ્તો પુછવાના બહાને એક યુવાન પાસે જઈ મોબાઈલ ચોરી લીધા બાદ બાઈક પર રફફુચક્કર થઈ ગયા હોવાની કબુલાત કરી હતી. એલસીબીની ટીમે ચોરીનો મોબાઈલ રીકવર કરી મોબાઈલ ચોર મિલાપની ધરપકડ કરી તેના સાગરીતને શોધવા ચક્રો ગતિમાન કર્યા છે.

# ઓપન સ્વીમિંગ પુલ બનેલા સંત સરોવરમાં જોખમી મજા લેતા સહેલાણીઓ

## આ સ્થળ હાલ પીકનીક સ્પોટ બની ગયું છે : સંત સરોવરમાં ૨૪ કલાકમાં એક ડુબવાની અને એક ગંભીર ઈજાઓ થવાની ઘટના બની



ગાંધીનગર, તા.૬

ગાંધીનગર પાસેની સાબરમતી નદી પર સ્થિત સંત સરોવર એક પીકનીક સ્પોટ બની ગયુ છે. ઉનાળાની સીઝનમાં લોકો માટે આ સંત સરોવર હાલ સ્વીમિંગ પુલની કમી દુર કરી રહ્યું છે. પરંતુ આ સંત સરોવર દિવસે ને દિવસે જોખમી સાબિત થઈ રહ્યું છે. છેલ્લા બે દિવસમાં સંત સરોવરમાં એક બાળકી ડુબવાની અને યુવાનને ગંભીર ઈજા થવાની ઘટના ઘટવા પામી છે. તેમ છતાં મોટી સંખ્યામાં લોકો ઉમટી રહ્યા છે અને સંત સરોવરના પાણીમાં છબછબીયા કરી આનંદ લઈ રહ્યા છે. પરંતુ તેમને ખબર નથી કે પાણીની મજા કયારે મોતની સજા બની જશે બીજી તરફ તંત્ર પણ ચુપચાપ કોઈ મોટી હોનારતની રાહ જોઈ રહ્યું હોય તેવા મુડમાં દેખાઈ રહ્યું છે.

ગાંધીનગર નજીકના ઈન્દ્રોડા ગામ પાસે સાબરમતી નદી પરનું સંત સરોવર છેલ્લા ઘણા સમયથી સહેલાણીઓ માટે મફતનું વોટરપાર્ક અને પીકનીક સ્પોટ બની ગયું છે. ગાંધીનગર સહિત અમદાવાદ, સરખેજ, કલોલ, દહેગામ, સાણંદના રહીશો મોટી સંખ્યામાં વેકેશનની મજા લેવા પરિવાર સાથે ઉમટી રહ્યા છે અને સંત સરોવરના પાણીમાં ન્હાવાની મજા લઈ રહ્યા છે. યુવાનો કોઈ પણ જાતના ડર કે ભય વગર ચેક ડેમ ઉપર પહોંચી જઈ બિન્દાસ સેલ્ફી લેતા નજરે પડે છે પરંતુ આ સહેલાણીઓને ખબર નથી અજાણી જગ્યાઓ પર કેટ કેટલા જોખમ હોય છે તેમ છતાં લોકો જીવની ચિંતા કર્યા વગર અહીં પાણીની મજા લઈ રહ્યા છે. સંખ્યાબંધ સહેલાણી ઉમટી પડતા હાલ સંત સરોવર મફતના સ્વિમીંગ પુલમાં ફેરવાઈ ગયું છે. પરંતુ યુવાનો મોજ મસ્તીમાં એટલા તો મદમસ્ત બની જાય છે કે આ જોખમી જગ્યા કયારે તેમને મોતના મુખમાં સમાવી લેશે તે તેમને ખબર નથી. આજ સંત સરોવરમાં છેલ્લા બે દિવસમાં ડુબવાની અને ગંભીર ઈજાઓ થવાની બે ઘટના બનવા પામી હતી. જેમાં ગત રોજ ૩ વર્ષની એક બાળકીનું ડુબી જવાથી મોત થવા પામ્યું હતું જયારે અમદાવાદના ઈસનપુર વિસ્તારમાં રહેતો યુવાન નયન સરવૈયા મિત્રો સાથે અહીં ન્હાવા પડયો હતો ત્યારે અચાનક જ તે યુવાનનો પગ આરસીસી ફલોરીંગમાં ખુંપી ગયો હતો યુવાને બુમાબુમ કરતા આસપાસના અન્ય સહેલાણીઓ દોડી આવ્યા હતા પરંતુ યુવાનનો પગ ન નિકળતા આખરે ફાયર બ્રિગેડને ફોન કરતા ફાયર બ્રિગેડના જવાનો બનાવ સ્થળે દોડી આવ્યા હતા અને સવા



કલાકની લાંબી જહેમત બાદ યુવાનનો પગ સહી સલામત બહાર કાઢયો હતો. સંત સરોવરમાં બનતી વારંવારની ડુબવાની અને ઈજાઓ થવાની ઘટના બનવા છતાં સ્થાનિક તંત્ર કોઈ પણ જાતની કાર્યવાહી કરવાને બદલે ચુપચાપ તમાશો જોઈ રહ્યું છે. તંત્ર કોઈ મોટી હોનારત થશે પછી પગલાં લેશે કે શું તે ખબર નથી પડતી...

## ચિરવિદાય

- સ્વ. બાબુભાઈ પુનાભાઈ વાઘેલા, ઉ.વ. ૪૩
- સ્વ. અમરસિંહ ગાંડાજી ડાભી, ઉ.વ. ૬૦
- સ્વ. હેમલતાબેન છનાલાલ વ્યાસ, ઉ.વ. ૮૫
- સ્વ. રમેશભાઈ મોતીભાઈ પરમાર, ઉ.વ. ૩૫
- સ્વ. કાન્તાબેન બાબુભાઈ છનીયારા, ઉ.વ. ૮૬
- સ્વ. ગોમીબેન તલાભાઈ સલાટ, ઉ.વ. ૬૫

# આપણે 'જળ વ્યય' અટકાવીશું તો જ 'જળ સંચય' ફળશે!!

## રોજીંદા વપરાશમાં વિવેકપૂર્ણ પધ્ધતિ અપનાવવાથી એક પરિવાર આશરે ૩૦૦ લીટર પાણી બચાવી શકે છે : કયાં સુધી ગાડીઓ ધોવામાં કે ઓટલા-ધાબા ધોવામાં પાણીનો બગાડ કરતા રહીશું?




ગાંધીનગર, તા.૬

ગુજરાતમાં ફરી એક વાર જળસંકટની સ્થિતિ સર્જાઈ છે અને રાજય સરકારે જાતે 'જળસંચય' અભિયાનનો પ્રારંભ કરવો પડયો છે. આ વર્ષે ઉનાળાના પ્રારંભે રાજય સરકારે જ પાણીની અછત સર્જાવાનો નિર્દેશ આપી દીધો હતો અને ઉનાળુ વાવેતર કરતા ખેડૂતોને પાણી મળી શકવા પર અસમંજસની સ્થિતિ દર્શાવી હતી. છેલ્લા કેટલાક વર્ષોથી રાજયમાં નર્મદા નહેરને કારણે પાણીની સ્થિતિ સારી થઈ ગઈ હોવાનું ચિત્ર ખડું થયું હતું પરંતુ આ વર્ષે સર્જાયેલી પરિસ્થિતિ નવી જ વાસ્તવિકતા દર્શાવી રહી છે. સરકારી તંત્ર યોગ્ય જળ વ્યવસ્થાપન કરવામાં નિષ્ફળ રહ્યું છે પરંતુ આ સાથે 'પાણી' જેવી અત્યંત મહત્વની 'જણસનું શું આપણે પણ યોગ્ય જતન અને વિવેકપૂર્વકનો ઉપયોગ કર્યો છે? દિનપ્રતિદિન સર્જાઈ રહેલા જળસંકટ પાછળના કારણોમાં આપણો બેફામ બગાડ પણ જવાબદાર નથી??'

તાજેતરમાં જ સોશ્યલ મિડીયા પર એક મેસેજ વાઈરલ થયો છે જેમાં લખ્યું છે કે 'આપણા વડવાઓએ પાણીને નદી-સરોવરોમાં જોયું હતું. બાપ દાદાઓએ તેને કુવા અને તળાવોમાં જોયું હતું આપણે તેને ઘડા અને બોટલોમાં જોઈ રહ્યા છીએ તો શું આવનારી પેઢી તેને 'કેપ્સ્યુલ'માં તો નહીં જુએ ને?' આ મેસેજમાં ધારદાર સવાલ છે જે આગામી સમયમાં પાણી અને ખાસ કરીને પીવાના શુધ્ધ પાણીની અત્યંત ચિંતાજનક બલ્કે ભયજનક સ્થિતિ સર્જાવા તરફ નિર્દેશ કરી રહ્યો છે. પાણીના પ્રાકૃતિક સ્ત્રોતો ઘટતા જાય છે જયારે બીજી તરફ સતત વધતી વસતીના કારણે દિન પ્રતિદિન પાણીની જરૂરિયાત વિકરાળ સ્વરૂપ ધારણ કરતી જાય છે. આ સાથે પાણીનો બેફામ બગાડ પણ પરિસ્થિતિને ઝડપથી ગંભીર





સ્વરૂપ તરફ ધકેલી રહ્યો છે.

ભારત વિશ્વમાં સૌથી વધુ ડેમ ધરાવતા દેશોમાં ત્રીજા ક્રમે છે આમ છતાં પ્રતિ વર્ષ જળ સંશાધનો ઘટતા જાય છે અને પાણી પ્રાપ્યતા છેલ્લા ૧૫ વર્ષમાં અંદાજે ૨૦ ટકા જેટલી ઘટી જવા પામી છે. જો કે અહેવાલ મુજબ ભારતમાં આશરે ૪ લાખ કરોડ કયુબિક મીટર પાણીના સ્ત્રોત છે જેમાંથી ૧.૦૪ લાખ કરોડ કયુબિક પાણી બાષ્પિભવન થાય છે, ૧.૦૮ લાખ કરોડ કયુબિક મીટર પાણી અપ્રાપ્ય જળ છે તે બાદ કરતાં ૧.૮૭ લાખ કરોડ કયુબિક મીટર પાણી પ્રાપ્ત થાય છે જેમાંથી વપરાશ યોગ્ય પાણીનો જથ્થો ૧.૧૨ લાખ કરોડ કયુબિક મીટર મળે છે, આ જથ્થો બે રીતે પ્રાપ્ય છે જેમાં આશરે ૪૦ હજાર કરોડ કયુબિક મીટર ભુગર્ભ જળમાંથી મેળવાય છે જયારે આશરે ૭૩ હજાર કરોડ કયુબિક મીટર પાણી ધરતીની સપાટી પરથી મળી રહે છે. એક કયુબિક મીટર પાણી એટલે ૧ હજાર લીટર પાણી થાય છે. અને ભારતમાં એક દિવસનો માથાદીઠ પાણીનો વપરાશ આશરે ૧૫૦ લીટર છે. વર્ષ ૨૦૦૦માં ભારતમાં માથાદીઠ વપરાશ આશરે ૮૯ લીટર પાણીનો નોંધાયો હતો જે વર્ષ ૨૦૨૫ સુધીમાં અંદાજે ૧૭૫ લીટર સુધી થવાનો છે. અત્યારે આપણે દિવસ દરમિયાન પ્રતિ વ્યકિત પાણીનો જે વપરાશ કરી રહ્યા છીએ તેમાં એક અંદાજ મુજબ ન્હાવા માટે ૫૫ લીટર, ટોયલેટ માટે ૩૦ લીટર, કપડાં ધોવા માટે ૨૦ લીટર, ઘર સાફ કરવા માટે ૧૦ લીટર, વાસણ ધોવા માટે ૧૦ લીટર અને રાંધવા તથા પીવા માટે ૫-૫ લીટર માથાદીઠ વાપરીએ છીએ. આ ઉપરાંત અનેક નાગરિકો પાણીનો ઉપયોગ ગાડી ધોવામાં, ઘરના બગીચામાં સિંચાઈ કરવામાં, ઘરનું આગણું કે ધાબુ ધોવા વગેરેમાં પણ જે પાણી વાપરી રહ્યા છે તેનો અંદાજ બાંધવો મુશ્કેલ છે. પાણીનો સૌથી વધુ બગાડ આ ઉપરાંત ન્હાવામાં શાવરનો વધુ પડતો ઉપયોગ કરવાથી, બ્રશ કરતી વખતે કે દાઢી કરતી વખતે નળ ચાલુ રાખવાથી, ટોયલેટમાં અયોગ્ય ફલશનો ઉપયોગ કરવાથી અથવા નળ ટપકતાં રાખવાથી થાય છે.

ગાંધીનગર એ દેશભરમાં માથાદીઠ પાણીના વપરાશમાં સૌથી મોખરે હોવાનું માનવામાં આવે છે. જેમાં પાણીના યોગ્ય વપરાશને બદલે વેડફાટનું પ્રમાણ વધુ રહેલું છે. માત્ર ગાંધીનગર જ નહી સમગ્ર દેશમાં હાઉસિંગ ક્ષેત્રે વધેલા માર્કેટીંગમાં 'રનીંગ વૉટર'ની લકઝરીની ઓફરે દાટ વાળ્યો છે. 'રનીંગ વૉટર' હવે આપણે શોખ બનાવી દીધો છે, જો આ શોખ પર નિયંત્રણ મેળવી થોડોક વિવેકપૂર્ણ ઉપયોગ કરીએ તો ટૉયલેટ ફલશ થકી આશરે ૧૫ લીટર, કપડા ધોવામાં ૮૦ લીટર, દાઢી બનાવવામાં બે લીટર અને ટુથબ્રશ કરતા ૫ લીટર બગાડ અટકાવી શકીએ છીએ. વળી, જો 'રનીંગ વૉટર'થી ગાડી ધોવાનું ટાળીએ તો ૮૦ લીટર અને બગીચામાં સ્પિંકલર સીસ્ટમનો ઉપયોગ કરીએ તો ૭૦ લીટર પાણી બચાવી શકાય છે, આમ થોડીક સાવચેતીથી એક પરીવાર આશરે ૩૦૦ લીટર જેટલું પાણી બચાવી શકે છે અને સોસાયટીમાં છાશવારે સર્જાતા પાણીના કકળાટ પણ ટાળી શકે છે અને હા, જો આ આદતો નહી કેળવીએ તો જળસંકટ સાથે તમને ગમે કે ના ગમે પાણીના મીટર પણ સ્વીકારવાની પરિસ્થિતિ આવશે તે નિશ્ચિત છે, બાકી પાણીનું શું મહત્વ છે અને જળ કેમ જીવન છે તે કોણ નથી જાણતું??

- પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com